www.kamalamgujarat.com

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

Wednesday
09.12.2020

*Volume :5 * Issue No. 115

Email.: kamalamgujarat@gmail.com

*Editor :Mahesh N. Patel:- (98249 10606)



વંદે માતરમ્

# કમલમ્

વંદે માતરમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

GUJGUJ/2016/73451

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# આપણે ભવિષ્યમાં છલાંગ મારવા માટે સમયસર 5Gનો પ્રારંભ સુનિશ્ચિત કરવો જોઈએ: પ્રધાનમંત્રી

**ચાલો સૌ સાથે કામ કરીને ટેલિકોમ ઉપકરણો, ડિઝાઇન, વિકાસ અને વિનિર્માણ માટે ભારતને વૈશ્વિક હબ બનાવીએ: પ્રધાનમંત્રી**

## ઈલેક્ટ્રોનિક વેસ્ટનું વધુ સારું વ્યવસ્થાપન અને વલયાકાર અર્થતંત્રનું નિર્માણ કરવા માટે કાર્યદળની રચનાનું આહ્વાન કર્યું



કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી વર્ચ્યુઅલ ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસ (IMC) 2020ના ઉદ્દ્ઘટન પ્રસંગે સંબોધન કર્યું હતું. IMC 2020ની થીમ "સહિયારા નવાચાર – સ્માર્ટ, સુરક્ષિત, ટકાઉક્ષમ" રાખવામાં આવી છે. તેનો ઉદ્દેશ 'આત્મનિર્ભર ભારત, 'ડિજિટલ સમાવેશીતાહ્ન અને 'ટકાઉક્ષામ વિકાસ, ઉદ્યમશીલતા અને નવાચારહ્નની પ્રધાનમંત્રીની દૂરંદેશીને સંરેખિત કરવાનો છે. તેનો ઉદ્દેશ વિદેશી અને સ્થાનિક રોકાણોને લાવવાનો અને ટેલિકોમ ક્ષેત્ર અને ઉભરતી ટેકનોલોજીના ક્ષેત્રોમાં R&Dને પ્રોત્સાહન આપવાનો પણ છે.આ કાર્યક્રમને સંબોધતા પ્રધાનમંત્રીએ ભારતને ટેલિકોમ ઉપકરણો, ડિઝાઈન, વિકાસ અને વિનિર્માણ માટે ભારતને વૈશ્વિક હબ બનાવવા માટે સૌને સાથે મળીને કામ કરવા માટે પણ આહ્વાન કર્યું હતું. તેમણે પોતાની વાત આગળ વધારતા કહ્યું હતું કે, ટેકનોલોજીકલ અપગ્રેડેશન ના કારણે, આપણે ત્યાં હેન્ડસેટ્સ અને ગેઝેટ્સ સમયાંતરે બદલવાની સંસ્કૃતિ છે. તેમણે પ્રતિનિધિમંડળા ને કહ્યું કે, ઈલેક્ટ્રોનિક વેસ્ટનું વધુ સારા વ્યવસ્થાપન માટે અને વલયાકાર અર્થતંત્રનું નિર્માણ માટે કોઈ કાર્યદળની રચના થઈ શકે કે નહીં તેની સંભાવનાઓ પર તેઓ મંથન કરે.

તેમણે સૌને અનુરોધ કર્યો હતો કે, ભવિષ્યમાં મોટી છલાંગ લગાવવા માટે સમયસર પગ્નો પ્રારંભ થાય તે સુનિશ્ચિત કરવા માટે સૌ સાથે મળીને કામ કરે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, ટેકનોલોજીમાં આવી રહેલી ક્રાંતિ દ્વારા કેવી રીતે લોકોના જીવનમાં સુધારો લાવી શકાય તે અંગે વિચાર કરવામાં આવે તે ખૂબ મહત્વનું છે. તેમણે ઉમેર્યુ હતું કે, શ્રેષ્ઠ આરોગ્ય સંભાળ, શ્રેષ્ઠ શિક્ષણ, શ્રેષ્ઠ માહિતી અને ખેડૂતો માટે શ્રેષ્ઠ તકો, તમામ નાના વ્યવસાયો માટે બજારો સુધી બહેતર પહોંચ વગેરે એવા કેટલાક લક્ષ્યો છે જેના પર કામ કરવાની જરૂર છે.

પ્રધાનમંત્રીએ ટેલિકોમ ક્ષેત્રમાંથી આવેલા પ્રતિનિધિમંડળો ની પ્રસંશા કરતા કહ્યું હતું કે, તેમના આવિષ્કાર અને પ્રયાસોના કારણે મહામારીની સ્થિતિમાં પણ દુનિયા સતત કામ કરતી રહી હતી. તેમણે ઉમેર્યું હતું કે, તેમના પ્રયાસોના કારણે એક શહેરમાં વસતો દીકરો બીજા શહેરમાં વસતી તેની માતા સાથે જોડાઈ શક્યો, વિદ્યાર્થીઓ વર્ગખંડ વગર જ શિક્ષકો પાસેથી અભ્યાસ કરી શક્યા અને માતાપિતા ઘરે બેઠા જ ડૉક્ટર સાથે કન્સલ્ટેશન કરી શક્યા અને અલગ અલગ ભૌગોલિક પ્રદેશોમાં વસતા વેપારીઓ તેમના ગ્રાહકો સાથે જોડાઈ શક્યા હતા.પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, સંખ્યાબંધ યુવા ટેકનિકલ નિષ્ણાતો માટે કોડિંગના કારણે ઉત્પાદનો વિશેષ બને છે, કેટલાક ઉદ્યોગ સાહસિકો માટે તે એવી પરિકલ્પના છે જે વધુ મહત્વ ધરાવે છે, રોકાણકારો સૂચવે છે કે, ઉત્પાદનને વેગ આપવા માટે મૂડી વધુ મહત્વની છે. તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે, સૌથી વધુ મહત્વની વાત એ છે કે, યુવાનોને તેમના ઉત્પાદનોની પ્રતીતિ થાય. કેટલીક વખત પ્રતીતિ એક એવી બાબત બની જાય છે કે, નફાકારક નિર્ગમન અને દુર્લભ્ય સર્જન વચ્ચે અવરોધ બની જાય છે. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, મોબાઈલ ટેકનોલોજીના કારણે જ અમે લાખો ભારતીયોને અબજો ડોલરના મૂલ્યના લાભો પહોંચાડી શક્યા છીએ, અમે ગરીબો અને નિઃસહાય લોકોને મહામારીના સમય દરમિયાન તાત્કાલિક સહાય પહોંચાડી શક્યા છીએ અને આપણે અબજો કેશલેસ વ્યવહારો જોઈ રહ્યાં છીએ જે ઔપચારિકરણ અને પારદર્શકતાને વેગ આપે છે અને આપણે ટોલ બુથ પર સરળ સંપર્કરહિત ઈન્ટરફેસ બનાવવા સમર્થ થઈશું.

પ્રધાનમંત્રીએ ભારતમાં મોબાઈલ વિનિર્માણ મામલે મળેલી સફળતા અંગે સંતોષની લાગણી વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, ભારત, મોબાઈલ વિનિર્માણ માટે સૌથી પ્રાધાન્યતા ધરાવતા ગંતવ્ય તરીકે ઉભરી રહ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે, ઉત્પાદન સાથે સંકળાયેલ પ્રોત્સાહન યોજના ભારતમાં ટેલિકોમ ઉપકરણોના વિનિર્માણને પ્રોત્સાહન આપવા માટે શરૂ કરવામાં આવી છે. તેમણે ઉમેર્યું હતું કે, સરકાર આગામી ત્રણ વર્ષમાં દેશના દરેક ગામડાંઓમાં હાઈ સ્પીડ ફાઈબર ઓપ્ટિક કનેક્ટિવિટી લાવવાનો ઉદ્દેશ રાખે છે. તેમણે કહ્યું હતું કે, આ બાબતે ખાસ કરીને એવા સ્થળો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે જે આવી કનેક્ટિવિટીમાંથી શ્રેષ્ઠ પરિણામો આપી શકે – એટલે કે મહત્વાકાંક્ષી જિલ્લાઓ, ડાબેરી કટ્ટરવાદીઓથી અસરગ્રસ્ત જિલ્લાઓ, પૂર્વોત્તરના રાજ્યો, લક્ષદ્વીપ ટાપુઓ પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. તેમણે વધુમાં કહ્યું હતું કે, ફિક્સ્ડ લાઈન બ્રોડબેન્ડ કનેક્ટિવિટીની બહેતર ઝડપ અને સાર્વજનિક વાઈ-ફાઈ હોટસ્પોટ્સ સુનિશ્ચિત કરવામાં આવશે.

## શ્રી ક.વી.ઓ. જૈન મહાજન ભુજ દ્વારા ખુબજ આનંદમય વાતાવરણ વચ્ચે મહાજન નું મામેરૂ યોજના અંતગર્ત ૨૪૬ મું લગ્નોત્સવ સંમ્પન



કમલમ દૈનિક,

શ્રી ક.વી.ઓ. જૈન મહાજન ભુજ દ્વારા સંસ્થા દ્વારા સંચાલીત મહાજન નું મામેરૂ અંતગર્ત આજે ૨૪ મી દિકરીને મામેરૂ અપર્ણ કરવાનો સોનેરી અવસર પ્રાપ્ત થયો હતો . ભુજ તાલુકાના બળદિયા નિવાસી શ્રી પ્રવીણભાઈ ઉપાધ્યાયની સુપુત્રી ચિ.મોનિકા સંગે ભુજ તાલુકાના બળદિયા નિવાસી શ્રી રમેશગર ગોસ્વામીના સુપુત્ર ચિ . દિલીપગર સંગાથે સરકારશ્રીની કોરીડ ૧૯ ના નિયમોનુસાર ૫૦ જલાની હાજરીમાં સોશિયલ ડીસ્ટીંગ નું સંપુર્ણ પાલન કરી લગ્નોત્સવ ભાવ અને હર્ષોલ્લાસ સાથે ઉજવાયા હતાં . આ પ્રસંગે દિકરીને મામેરૂ અંતગર્ત રૂ .૧૧ હજારનું બોન્ડ અપર્ણ કરતા સંસ્થાના અધ્યક્ષ શ્રી તારાચંદભાઈ છેડાએ જન્નાવ્યુ હતું કે છેલ્લા નવ વરસથી શરૂ થયેલ મહાજન નું મામેરૂ યોજના અંતગર્ત આજરોજ ૨૪૬ મી દિકરીને મામેરૂ અપર્ણ કરવાનો મોકો મળ્યો છે તેનો અનેરો આનંદ છે.નબળાવર્ગ તથા મધ્યમવર્ગના વધુમાં વધુ પરિવારો પોતાની વહાલસોયી દિકરીના આ યોજના અંતગર્ત લગ્નનો લાભ લે તેવી શ્રી તારાચંદભાઈ છેડાએ વિનંતી કરી હતી . આ પ્રસંગે સંસ્થાના ઉપપ્રમુખ શ્રી મુકેશભાઈ છેડા અને સંસ્થાના સહમંત્રી શ્રી હિરેનભાઈ પાસડ હાજર રહી નવદંપતીને સુખી દાંમ્પત્ય જીવનના આર્શીવાદ આપ્યા હતા . સંચાલન , સ્વાગત તથા પ્રસંગપરિચય સહમંત્રી શ્રી હિરેનભાઈ પાસડે આપ્યો હતો . આજના આ લગ્ન પ્રસંગે નીચે પ્રમાણેના દાતાશ્રીઓ દ્વારા કન્યાને વિવિધ ભેટ અપર્ણ કરવામાં આવી હતી . માતૃશ્રી લક્ષ્મીબેન જગશી ચાંપશી છેડા હસ્તે શ્રીમતી હંસાબેન તારાચંદભાઈ છેડા પરિવાર , શ્રીમતી જયોતિબેન ગીરીશભાઈ છેડા પરિવાર , શ્રી ભાઈચંદભાઈ સ્વરૂપચંદભાઈ વોરા પરિવાર , શ્રી સોલયુશન હસ્તે શ્રીમતી નેહાબેન ટોપરાણી અને કેતનભાઈ ચોધાણી પરિવાર , શ્રીમતી જયશ્રીબેન સુભાષભાઈ આઈયા પરિવાર , શ્રીમતી લક્ષ્મીબેન જમનાદાસ ઠક્કર ( હસ્તે કમલેશ જવેલર્સ ) પરિવાર , શ્રી તુલસીભાઈ જોષી ( ઓધવરામ ડેવલોપર્સ – ભુજ ) પરિવાર , શ્રી વિશ્રામભાઈ નારાયણજી ચંદે ( પ્રકાશ એજન્સી- ભુજ ) પરિવાર , શ્રીમતી લીલમબેન ગાંધી પરિવાર ( ભુજ ) , શ્રી રઘુવીરસિંહ જાડેજા પરિવાર ભુજ , શ્રી ઓધવજીભાઈ ચાંપશી પલન્ન ( એચ.પી.ગેસ -નખત્રાણા ) પરિવાર , શ્રી મનિષભાઈ મુળજીભાઈ ભાટીયા પરિવાર ( નખત્રાણા ) , શ્રી અનિલભાઈ માવજીભાઈ જોબનપુત્રા પરિવાર ( નખત્રાણા ) , શ્રી કમલેશભાઈ લક્ષ્મીચંદભાઈ જોષી પરિવાર ( નખત્રાણા ) , શ્રીમતી શીલાબેન કમલેશભાઈ જોષી પરિવાર ( નખત્રાણા ) , શ્રી શૈલેષભાઈ લવજીભાઈ મજેઠીયા ( એચ.પી.ગેસ – નખત્રાણા ) , શ્રી વાઘેશ્વરી જવેલ્સ હસ્તે શ્રી ગંગારામભાઈ મનજી ( દેવીસર હાલે નખત્રાણા ) અને શ્રી કે.વી.ઓ. જૈન મહાજન ભુજ દ્વારા કન્યાને રૂ . ૧૧,૦૦૦ / - ના બોન્ડ અપર્ણ કરવામાં આવ્યા હતા . આજના આ લગ્ન પ્રસંગે સંસ્થાના જનરલ મેનેજર શ્રી અંકિત ગાલા અને શ્રી હરનિશભાઈ મહેતાએ વ્યવસ્થા સંભાળી હતી . વિધી વિધાન શ્રી તુષારભાઈ જોષીએ કરાવ્યા હતા.અને ભોજનની વ્યવસ્થા શ્રી ભરતભાઈ સોનગરાએ સંભાળી હતી .

## એર ડિફેન્સ રેજિમેન્ટ દ્વારા ૪૯મા સામ્બા દિવસની ઉજવણી



કમલમ દૈનિક,

એર ડિફેન્સ રેજિમેન્ટ દ્વારા ૦૭ ડિસેમ્બર ૨૦૨૦ના રોજ ગૌરવભેર '૪૯મા સામ્બા દિવસહ્નની ઉજવણી કરવામાં આવી હતી. ૧૯૭૧ના યુદ્ધ વખતે સંકટના વાદળો ઘેરાયેલા હતા ત્યારે, એર ડિફેન્સ રેજિમેન્ટે નિર્ણાયક ઘડીમાં મોરચો સંભાળીને ભાગ્ય પલટાવી દીધું હતું. ૦૭ ડિસેમ્બર ૧૯૭૧નો દિવસ રેજિમેન્ટના ઈતિહાસમાં સોનેરી અક્ષરોથી લખાયેલો છે કારણ કે, આ દિવસે સામ્બાના આકાશામાં થયેલા ભીષણ એર ડિફેન્સ યુદ્ધમાં આ રિજેમેન્ટે ૧૧ પાકિસ્તાની એરક્રાફટનો નાશ કરીને ચાર અલગ અલગ હવાઈ હુમલા નાબૂદ કરી દીધા હતા. ગનર ભદ્રેશ્વર પાઠક, વીર ચક્ર (મરણોત્તર) અને લાન્સ હવલદાર બાલ બહાદુરે, વીર ચક્ર સૌથી શૌર્યપૂર્ણ લડત આપી હતી જેનાથી રેજિમેન્ટને અસામાન્ય બહાદુરી, શૌર્ય અને હિંમત દાખવવા બદલ 'સામ્બા ફછ/ ફઁહ્ન સન્માન આપવામાં આવ્યું હતું.

દ્વિતીય પુણ્યતિથીએ

હૃદયાંજલિ



સ્વ. હેમતભાઈ રામભાઈ માડમ
ગં.સ્વ. દિનાબેન હેમતભાઈ માડમ
પૂનમબેન હેમતભાઈ માડમ (સાંસદ, જામનગર)
પરમિંદર કુમાર • માડમ પરિવાર

સ્વ.શિવાનીબેન

## પ્રધાનમંત્રી અને કતારના અમીર મહામહિમ શેખ તમીમ બિન હમદ અલ-થાની વચ્ચે ટેલીફોનિક સંવાદ



કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ કતારના અમીર મહામહિમ શેખ તમીમ બિન હમદ અલ-થાની સાથે ટેલિફોનિક વાતચીત કરી હતી. પ્રધાનમંત્રીએ કતારના આગામી રાષ્ટ્રીય દિવસ માટે મહામહિમ અમીરને શુભેચ્છાઓ પાઠવી હતી. જયારે પ્રધાનમંત્રીનો આભાર માનતાં મહામહિમ અમીરે કતારમાં ભારતીય સમુદાય રાષ્ટ્રીય દિવસની ઉજવણીમાં જે ઉત્સાહ સાથે ભાગ લે છે તેની પ્રશંસા કરી હતી. તેમણે તાજેતરના દિવાળીના તહેવાર માટે પ્રધાનમંત્રીને હાર્દિક શુભેચ્છાઓ પણ પાઠવી હતી. નેતાઓએ રોકાણના પ્રવાહ અને ઉર્જા સુરક્ષાના ક્ષેત્રોમાં બંને દેશ વચ્ચેના મજબૂત સહયોગની ચર્ચા કરી અને આ સંદર્ભમાં તાજેતરના હકારાત્મક વિકાસની સમીક્ષા કરી. તેઓએ કતાર ઈન્વેસ્ટમેન્ટ ઓથોરિટી દ્વારા ભારતમાં રોકાણોની સુવિધા માટે એક ખાસ કાર્યદળ બનાવવાનો નિર્ણય કર્યો અને ભારતમાં કતારી રોકાણોની પૂર્તિ માટે ભારપૂર્વક સંકલ્પ કર્યો. નેતાઓ નિયમિત સંપર્કમાં રહેવા સંમત થયા હતા અને કોવિડ-૧૯ રોગચાળાને લીધે થતાં જાહેર-સ્વાસ્થ્યની સ્થિતિને સામાન્ય બનાવ્યા પછી વ્યક્તિગત રૂપે મળવાની રાહ જોઈ હતી.

## પ્રધાનમંત્રીએ ઈન્વેસ્ટ ઈન્ડિયાને અભિનંદન આપ્યા



પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ UNCTAD દ્વારા આપવામાં આવેલ ૨૦૨૦ સંયુક્ત રાષ્ટ્રના રોકાણ પ્રમોશન પુરસ્કાર જીતવા બદલ ઈન્વેસ્ટ ઈન્ડિયાને શુભેચ્છા પાઠવી છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે "દ્રઝ્રછટ્ઠ દ્વારા આપવામાં આવેલ ૨૦૨૦ સંયુક્ત રાષ્ટ્રના રોકાણ પ્રમોશન પુરસ્કાર જીતવા બદલ ઈન્વેસ્ટ ઈન્ડિયાને અભિનંદન. આ અમારી સરકારનું ભારતને વિશ્વનું પસંદગીનું નિવેશ સ્થળ અને વ્યાપાર કરવાની સરળતામાં સુધારો કરવાનું પ્રમાણ છે."






રૂ.૫.૧૩ કરોડના ખર્ચે નિર્મિત થનારા ૪ રોડ-રસ્તાનું ખાતમૂહર્ત

# વાતો નહી નક્કર વિકાસ સરકારનું લક્ષ્ય જેનો લાભ નાનામાં નાના માણસ સુધી- રાજયમંત્રીશ્રી વાસણભાઈ આહિર

## રૂ.૭.૧૮ કરોડના ખર્ચે નવી આરટીઓ કચેરી નિર્માણથી પૂર્વ કચ્છીઓને સગવડ


કમલમ દૈનિક, ભુજ,

અંજાર તાલુકાના હીરાપર ગામે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના કલ્યાણ અને પ્રવાસન રાજયમંત્રીશ્રી વાસણભાઈ આહિરે રૂ.૫.૧૩ કરોડના ખર્ચે નિર્માણ થનારા વિવિધ ૪ રોડ-રસ્તાનું ખાતમૂહર્ત કર્યુ હતું. આ તકે રાજયમંત્રીશ્રીએ અંજાર વરસામેડી ભીમાસર રોડ પર રૂ.૭.૧૮ કરોડના ખર્ચે પૂર્વ કચ્છમાં નિર્માણ થનાર નવી આરટીઓ કચેરી માટે કચ્છીઓને અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું કે, વાતો નહીં નક્કર વિકાસ સરકારનું લક્ષ્ય છે. જેનો લાભ નાનામાં નાના માણસ સુધી પહોંચે તે માટે અમે કટિબધ્ધ છીએ. માત્ર રોડ-રસ્તા, રોજગારી, આવાસા આરોગ્ય જ નહીં પરંતુ પ્રજાની તમામ પ્રાથમિક સવલતો પુરી કરવી.

રાજયમંત્રીશ્રીએ અગ્રણી સ્વ.કાનજીભાઈ ગોવિંદભાઈ મહારાજને યાદ કરતાં જણાવ્યું હતું કે, નાના ગામડાનાં માણસોના વિકાસની ખેવના પુરી પાડવાની તેમની ઈચ્છાના ભાગરૂપે આજે પાંચ ગામોને જોડતા અને ખાસ મોખાણાનો રસ્તો વિકાસનું પ્રતિક છે. રૂ.૨.૫૦ કરોડના ખર્ચે બનનારા હીરાપરથી વાયા ભુરાપીર મંદિર મોખાણા રોડ, રૂ.૭૩.૯૩ લાખના ખર્ચે ચાંદરાણી-પાબુદાદા-નવાગામ-હીરાપર રોડનું તેમજ નવાગામ એપ્રોચ રોડનું રૂ.૩૫ લાખના ખર્ચે રીસરફેસીંગ અને રૂ.૧.૫૩ કરોડના ખર્ચે દુધઈ ટપ્પર રોડ પર સ્લેબડ્રેનના કામનું ખાતમૂહર્ત થતાં સંકળાયેલા તમામ ગામોના લોકો અને રોજગાર-ધંધા માટે અવર-જવરની સુવિધાઓ વધુ સરળ બનશે. આ તકે રાજયમંત્રીશ્રીએ કામગીરી સાથે સંકળાયેલા અધિકારીઓને સમયમર્યાદામાં ગુણવત્તાયુકત જનસુખાકારીના કામો કરાવવા અનુરોધ કર્યો હતો. જિલ્લા પંચાયતના કારોબારી ચેરમેનશ્રી હરિભાઈ જાટિયાએ કચ્છના વિકાસની વિગતો જણાવતાં કચ્છીમંત્રીશ્રીના માત્ર ફોન દ્વારા જ પ્રજાના કરેલા વિકાસ કામોથી સૌને માહિતગાર કર્યા હતા. અગ્રણી કાનજીભાઈ શેઠે પણ વિકાસકામોની વિગતો વિગતે જણાવી નાના ગામડાઓમાં વિકાસની વણથંભી વણઝાર હેઠળ થયેલા કામોનો ઉલ્લેખ કર્યો હતો. હીરાપરના અગ્રણીશ્રી મહાદેવભાઈ માતાએ વિકાસની વણથંભી યાત્રાના કચ્છના દીવાદાંડી વાસણભાઈ આહિર એમ ઉલ્લેખ કરીને નોન પ્લાન રોડ-રસ્તા અને રીસરફેસીંગ અને પેચવર્કના પગલે પ્રજાને મળનારી સગવડનો ઉલ્લેખ કર્યો હતો. આ તકે હીરાપર, ટપ્પર, ચાંદરાણીના અગ્રણીઓએ રાજયમંત્રીશ્રીનું આભાર સન્માન કર્યુ હતું. આ પ્રસંગે અંજાર તાલુકા પંચાયત પ્રમુખશ્રી ગોવિંદભાઈ ડાંગર, બાબુભાઈ મરંડ, જમીન વિકાસ બેંક ચેરમેન મ્યાજરભાઈ છાંગા, અખિલ ગુજરાત કામદાર સંઘના ઉપપ્રમુખશ્રી ગોપાલભાઈ માતા તેમજ હીરાપર, મોખાણા, ચાંદરાણી, કોટડા, નવાગામ, દુધઈ, ટપ્પર, લાખાપર, પાબુડાડા, ગામના સરપંચશ્રી અને અગ્રણીઓ સહિત સામજી મહારાજ, મનજીભાઈ આહિર, કાનજીભાઈ છાંગા, ધનજીભાઈ હુંબલ, વાસણભાઈ માતા, ગીતાબેન, શાળાના શિક્ષકો તેમજ ગામ્ય મહિલાઓ, બાળકો ઉત્સાહભેર હાજર રહયા હતા.

# માનવધર્મ ગરિમા ઉજાગર કરતા ડોક્ટર અને પ્રાધ્યાપકો સિવિલમાં મહિને ૧૦૦૦ લોહીની બોટલની ખપતને પહોંચી વળવા પી.ડી.યુ મેડિકલ કોલેજના પ્રાધ્યાપકો અને ડોક્ટરોએ કર્યું રક્તદાન






કમલમ દૈનિક,

રક્ત એટલે કે લોહી જાતિ, ધર્મ કે લિંગનો ભેદભાવ જોતુ નથી, એ માત્ર માનવ શરીરને ઓળખે છે. વિજ્ઞાન રક્તને હજુ સુધી લેબોરેટરીમાં બનાવી શક્યું નથી. જે માત્ર માનવ શરીરમાં કુદરતી રીતે સતત બનતું રહે છે. રાજકોટ સિવિલમાં થેલેસેમિયાના દર્દીઓ, પ્રસૂતા મહિલાઓ, અકસ્માત તેમજ સર્જરીના કિસ્સાઓમાં માસિક એક હજારથી વધુ બોટલ્સ લોહીની સતત જરૂરિયાત ઉભી થતી હોવાનું મેડિસિન વિભાગના એસોસિએટ પ્રોફેસર અને કોવીડ હોસ્પિટલમાં કાર્યરત ડો. આરતી ત્રિવેદી જણાવે છે.

દર્દીઓની લોહીની જરૂરિયાતને સતત પહોંચી વળવા લોકો તેમજ સંસ્થાઓ દ્વારા અવારનવાર બ્લડ ડોનેશન કેમ્પ કરવામાં આવે છે. રાજકોટ સિવિલ ખાતે હાલ લોહીની જરૂરિયાતને ધ્યાને લઈ પી.ડી.યુ મેડિકલ કોલેજના બ્લડ ડોનેશન કેમ્પ કરવામાં આવ્યો હોવાનુ ડો. આરતીએ કહ્યું છે. રક્તદાન કેમ્પ નિમિતે પેથોલોજી વિભાગમાં સહ પ્રાધ્યાપક અને બ્લડ બેંક ઈન્ચાર્જ ડો. શિલ્પા જણાવે છે કે, અમારી બેંક માંથી મહિને ૩૫૦ જેટલા થેલેસેમિયાના દર્દીઓને નિઃશુલ્ક બ્લડ પૂરું પાડવામાં આવે છે. આ ઉપરાંત જુદી જુદી સર્જરી અને ગાયનેક વિભાગમાં લોહીની જરૂરિયાત હોઈ તેમને બેંકમાંથી લોહી પૂરું પાડવામાં આવે છે. એનજીઓ, સામાજિક સંસ્થાઓ દ્વારા જુદા જુદા કેમ્પમાંથી લોહી મળી રહે છે પરંતુ હાલની પરિસ્થતિમાં બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન નહિવત થતું હોઈ હાલ લોહોની ખપતને પહોંચી વળવા મેડિકલ કોલેજ ખાતે મેડિકલ ટીચર્સ એસોસિએશન, મેડિકલ જુનિયર ડોકટર્સ એસોસીએશનના રેસિડેન્ટ અને જુનિયર ડોકટર્સ દ્વારા પણ બહોળી સંખ્યામાં બ્લડ ડોનેશન કરવામાં આવ્યું છે. નિયમિત રક્ત દાન કરતા ડો. અનુપમ બેનર્જી કોમન બ્લડ ગ્રુપ ઓ પોઝિટિવ ધરાવે છે. કોમન બ્લડ હોવા છતાં જો ઓ ગ્રુપના લોહીની પણ જરૂરિયાત રહેતી હોઈ તો અન્ય રેર ગ્રુપ માટે ખુબ મોટી સંખ્યામાં ડોનર્સ જરૂરી હોવાનું ડો. બેનર્જી જણાવે છે. તેઓએ ખાસ અપીલ કરી જરીરુયાતમંદ દર્દીઓને લોહી રૂપી મહાદાન કરી માનવધર્મ નિભાવવા આગળ આવવા જણાવ્યું છે. કહેવાય છે કે રક્તદાન એ મહાદાન છે. મુશ્કેલીના સમયમાં આ દાન થકી અનેક લોકોના જીવનમાં ચેતનાનો નવસંચાર કરી સામાજિક ઉત્તરદાયિત્વ આપણે નિભાવીએ.

# જિલ્લા ભાજપના નવ નિયુક્ત હોદ્દેદારોની પ્રથમ બેઠક યોજાઈ




કમલમ દૈનિક,

કચ્છ જિલ્લા ભાજપ અધ્યક્ષ કેશુભાઈ પટેલના નેતૃત્વ હેઠળ તાજેતરમાં જ વરાયેલા જિલ્લા ભાજપના હોદેદારોની શુભેચ્છા બેઠક યોજાઈ હતી . આ બેઠકમાં ઉપસ્થિત સૌ નવ નિયુકત હોદેદારોને જિલ્લા પ્રમુખ દ્વારા શુભેચ્છાઓ આપી આવકારવામાં આવ્યા હતા તેમજ આગામી દિવસોમાં પક્ષરૂપી પરિવારના છત્ર હેઠળ સૌએ એક જૂટ થઈને સંગઠનાત્મક કામગીરી તેમજ લક્ષ્યાંકો સિધ્ધ કરવા બાબતે જરૂરી મનોમંથન કરવામાં આવ્યું હતું . અબડાસા વિધાનસભા પેટા ચુંટણીમાં અત્યંત મહત્વપૂર્ણ સફળતા અપાવનાર પેજ સમિતિના સભ્યો બનાવવાની રણનીતીની નોંધ પ્રદેશ સહિત રાષ્ટ્રીય કક્ષાએ પણ લેવાઈ રહી છે ત્યારે આગામી દિવસોમાં આ વ્યુહરચનાનો અમલ જિલ્લા સ્તરે વ્યાપક ફલક પર કરવા અંગે પણ આ બેઠકમાં અગત્યનો નિર્ણય લેવાયો હતો . પ્રાસંગીક ઉદબોધન આપતા કચ્છ જિલ્લા ભાજપ અધ્યક્ષ કેશુભાઈ પટેલે જણાવ્યું હતું કે , જિલ્લા ભાજપની અગ્રીમ હરોળમાં સ્થાન મેળવનારા આપ સૌ વરિષ્ઠ હોદેદારોની નહીં માત્ર આ કાર્યકાળ દરમ્યાન પરંતુ શેષ રાજકીય કારકીર્દી દરમ્યાન પક્ષ પ્રત્યેની સવિશેષ જવાબદારી બની રહેશે . સંગઠન એ સાચા અર્થમાં પ્રજા અને સરકાર વચ્ચેનો મજબૂત સેતુ છે એ આપણે સૌ એ સાથે મળીને સાબિત કરીને પક્ષે મુકેલા વિશ્વાસને દરેક સમયે અને સંજોગે સાર્થક કરવો પડશે . સાથો સાથ તેમણે તેમના પ્રથમ કાર્યકાળ દરમ્યાન સહભાગી રહેલા એવા જિલ્લાના હોદેદારો અને કારોબારી સભ્યો દ્વારા પ્રાપ્ત થયેલ નિરંતર સહકાર બદલ હૃદય પૂર્વકનો આભાર માનતા જણાવ્યું હતું કે , ગત ચાર વર્ષ દરમ્યાન સાથે રહેલા સૌ જિલ્લાના હોદેદારોએ પક્ષ પ્રત્યેના તેમના અપ્રતિમ સમર્પણભાવ અને દૃઢ પારિવારીક ભાવના થકી કચ્છ જિલ્લા ભાજપના ઉજળા ઈતિહાસની પ્રણાલીને ગત સમગ્ર કાર્યકાળ દરમ્યાન સફળતા પૂર્વક અને જાજરમાન રીતે આગળ વધારવામાં જે રીતે સક્રિય ભૂમિકા અદા કરી હતી તે બદલ તેઓ સૌના ઋણી રહેશે તેમજ આવનારા સમયમાં પણ પક્ષના દીર્ઘ હિતને અનુલક્ષીને સંગઠનાત્મક બાબતોમાં તેમનું ઉમદા માર્ગદર્શન પ્રાપ્ત થતું રહેશે એવી આશા વ્યકત કરી હતી . ઉપરોકત બેઠકમાં સાંસદ વિનોદભાઈ ચાવડાએ પણ ઉપસ્થિત રહીને સૌ હોદેદારોને અભિનંદન પાઠવ્યા હતા અને જણાવ્યું હતું કે , દેશના તખતા પર નરેન્દ્રભાઈ મોદી જેવા નખશીખ રાષ્ટ્રવાદી નેતાનું નેતૃત્વ હોય , ગુજરાતમાં વિજયભાઈ રૂપાણી જેવા સંવેદનશીલ મુખ્યમંત્રીનું શાસન હોય ત્યારે આવા સાનુકુળ સંજોગોમાં જિલ્લા ભાજપની વરિષ્ઠ ટીમમાં જોડાઈને કામ કરવું એ વાસ્તવમાં ખૂબ સૌભાગ્યની વાત છે . આ સમગ્ર ટીમ આગામી દિવસોમાં કચ્છ જિલ્લા ભાજપને નવા શીખરે પહોંચાડશે એવો મને પૂર્ણ વિશ્વાસ છે . જિલ્લા ભાજપ મહામંત્રી અનિરૂધ્ધભાઈ દવેએ બેઠકનું સંચાલન કરી આગામી કાર્યક્રમો વિશે માહિતી આપી હતી . આ બેઠકમાં જિલ્લા ભાજપ મહામંત્રી વલ્લમજીભાઈ હુંબલ , શૈલેન્દ્રસિંહ જાડેજા સહિતના હોદેદારો ઉપસ્થિત રહયા હોવાનું કચ્છ જિલ્લા ભાજપ મીડીયા સહ ઈન્ચાર્જ સાત્વિકદાન ગઢવીની યાદીમાં જણાવાયું હતું .






કમલમ દૈનિક,

તાજેતરમાં ગાંધીનગર જિલ્લાની તમામ કોવિડ હોસ્પિટલો ખાતે ફાયર સેફટીની મોકટ્રીલ કરવામાં આવી હતી. જેમાં ફાયર સેફટીના એક્સપર્ટ તેમજ રીજનલ ફાયર સેફટી ઓફિસની ટીમ દ્વારા ૦૧ સરકારી તેમજ ૧૧ ખાનગી હોસ્પિટલો જેવી કે, એપોલો, એમએમવીએસ, પીએસએમ, આશ્કા, આશીર્વાદ (ખોરજ), આઈકોન (અડાલજ), સરમાઉન્ટ, આદર્શ(કલોલ), રૃચિ હોસ્પિટલમાં કોવિડ સ્ટાફને ફાયર સેફટી અંગે તાલીમ આપવામાં આવી હતી. આગ લાગે ત્યારે શું શું પગલા ભરવા, ખાસ શું તકેદારી રાખવી, આગ કાબુમાં કેવી રીતે લેવી જેવી વિવિધ માહિતી આપવામાં આવી હતી.

# દેવભૂમિ દ્વારકાના વાડીનાર ખાતે દિવ્યાંગ સાધન સહાય વિતરણ કેમ્પ યોજાયો પપ લાભાર્થીઓને કુલ રૂા.૪.૨૯ લાખની સાધન સહાય અર્પણ






કમલમ દૈનિક, દેવભૂમિ

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખંભાળીયા તાલુકાના વાડીનાર ગામે સેન્ટ આન્સ સ્કુલ, ડીપટી કોલોની ખાતે ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન લી. (આઈઓસીએલ) તરફથી સામાજિક દાયિત્વ હેઠળ જિલ્લા સમાજ સુરક્ષા કચેરી દેવભૂમિ દ્વારકા સાથે સંકલન કરી આજ તા.૦૭-૧૨-૨૦૨૦ના રોજ દિવ્યાંગજનો માટે સાધન સહાય વિતરણ કેમ્પ આઈઓસીએલના કાર્યકારી નિર્દશક (પશ્વિમિ ક્ષેત્ર પાઈપલાઈન્સ) શ્રી ડી.કે. બેનર્જીની ઉપસથિતિમાં યોજાયો હતો. આ તકે આઈ.ઓ.સી.એલ. ના જનરલ મેનેજનરશ્રી આર.ડી. અગ્રવાલે આઈ.ઓ.સી.એલ. દ્વારા કરવામાં આવતા જનહિતના કાર્યોની જાણકારી આપી વિવિધ ક્ષેત્રમાં દિવ્યાંગજનો માટે પણ આઈ.ઓ.સી.એલ. કામગીરી કરે છે તેમ જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં મહાનુભાવોના હસ્તે કુલ પપ જેટલા લાભાર્થીઓને મોટરસાઈકલ, ટ્રાઈસીકલ, મોબાઈલ ફોન, વ્હીલચેર એમ જુદા જુદા કુલ રૂા.૪.૨૯ લાખની સાધન સહાનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રારંભે અંધજન તાલીમ કેન્દ્ર જામનગરના દિવ્યાંગજનો દ્વારા ગણપતી વંદના કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆતમાં શાબ્દિક સ્વાગત સમાજ સુરક્ષા અધિકારીશ્રી એમ.કે. મોરીએ તથા આભારવિધી આઈ.ઓ.સી.ના શ્રી અશોક માણેકે કરી હતી. આ કાર્યક્રમમાં અગ્રણી શ્રી સી.આર. જાડેજા, શ્રી મહાવિરસિંહ જાડેજા, શ્રી કિશોર જાડેજા, આઈ.ઓ.સી.ના અધિકારીઓ, સેન્ટ આન્સ સ્કુલના આચાર્ય, સમાજ સુરક્ષા વિભાગના કર્મચારીઓ તેમજ દિવ્યાંગજનો ઉપસથિત રહયા હતા.












# સમાજના પછાત વર્ગોના સશક્તિકરણ અને આર્થિક કલ્યાણ માટે રાજ્ય સરકાર કટિબદ્ધ : સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રી ઈશ્વરભાઈ પરમાર

## ગાંધીનગર ખાતે સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રી ઈશ્વરભાઈ પરમારના અધ્યક્ષસ્થાને પરામર્શ સમિતિની બેઠક યોજાઈ

કમલમ દૈનિક,

ગાંધીનગર ખાતે સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રી ઈશ્વરભાઈ પરમારના અધ્યક્ષસ્થાને પરામર્શ સમિતિની બેઠક યોજાઈ હતી. મંત્રી શ્રી ઈશ્વરભાઈ પરમારે પરામર્શ સમિતિની બેઠકમાં જણાવ્યુ હતું કે, મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વવાળી સંવેદનશીલ રાજ્ય સરકાર સમાજના પછાત વર્ગોના સશક્તિકરણ અને આર્થિક કલ્યાણ માટે કટિબદ્ધ છે. મંત્રી શ્રી પરમારે ઉમેર્યુ હતું કે, રાજ્યનો છેવાડાનો માનવી પણ રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓનો લાભ લેવાથી વંચિત રહી ન જાય તે માટે ગ્રામપંચાયત સુધી વિવિધ કલ્યાણકારી યોજનાઓની માહિતી સત્વરે ટેક્નોલોજીના માધ્યમ દ્વારા પહોંચાડાઈ રહી છે. તદ્ઉપરાંત અનેકવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ લેવા અરજદારોને સુગમતા રહે અને વધુમાં વધુ લોકો લાભ લે તે હેતુ 'ઈ-સમાજ કલ્યાણ પોર્ટલ પણ કાર્યરત છે. આ 'ઈ-સમાજ કલ્યાણ પોર્ટલ પર શિક્ષણ, આર્થિક ઉત્કર્ષ, આરોગ્ય અને આવાસન સંબંધિત તથા અન્ય યોજનાઓની વિગતવાર માહિતી પણ મૂકવામાં આવી છે જેનો બહોળા પ્રમાણમાં લાભ લેવા તેમણે અનુરોધ કર્યો હતો. તેમણે ઉમેર્યુ હતું કે, સંસદસભ્યો અને ધારાસભ્યો દ્વારા આપવામાં આવેલ સૂચનોને પણ સત્વરે અમલમાં મૂકવામાં આવશે. લાભાર્થીઓને ઝડપથી લાભ મળશે એ વાત પર ભાર મૂકતા મંત્રીશ્રીએ કહ્યુ હતું કે રાજ્ય સરકારની કેટલીક યોજનાઓમાં અરજીના નિકાલ માટે પણ ચોક્કસ સમયમર્યાદા નક્કી કરવામાં આવી છે. આ બેઠકમાં ધારાસભ્યશ્રી પરસોતમભાઈ સાબરીયા, બાબુભાઈ વાજાભાઈ, વિમલભાઈ ચૂડાસમા અને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ૨૦૧૯ના ચૂંટણી ઢંઢેરામાં જે કૉંગ્રેસે APMC એક્ટ નાબૂદીની વાત કહી હતી તે કૉંગ્રેસ ફેરવી તોળી હવે ખેડૂત આંદોલનમાં કૂદી પડી છે તે જ બતાવે છે કે ખેડૂતોના હિતની વાત નહિ કૉંગ્રેસનો પોતાનો રાજકીય એજન્ડા છે:- મુખ્યમંત્રીશ્રી



**કૉંગ્રેસ દર વખતે પોતાના રંગ અને વલણ બદલતી રહે છે**

## કૉંગ્રેસનું તો લોકસભા ચૂનાવથી માંડી પંચાયત સુધી નામોનિશાન ખતમ થઈ ગયું છે હવે પ્રજાએ પણ જાકારો આપ્યો છે ત્યારે મગરના આંસુ સારવા બંધ કરો

કમલમ દૈનિક,

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તા.૮ મી ડિસેમ્બરે આપવામાં આવેલા ભારત બંધના એલાનને કૉંગ્રેસ અને રાજકીય પક્ષો દ્વારા ખેડૂતોના નામે પોતાના રાજકીય રોટલા શેકવાનું ષડયંત્ર ગણાવ્યું છે. મુખ્યમંત્રીશ્રીએ કૉંગ્રેસ પાર્ટી અને વિપક્ષો મોદી સરકાર વિરૂદ્ધ પોતાનું રાજકીય અસ્તિત્વ ટકાવી રાખવા આ આંદોલનમાં ખેડૂતોના નામે કૂદી પડી છે તેવો સ્પષ્ટ મત વ્યકત કર્યો છે. શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે, કૉંગ્રેસ દર વખતે પોતાના વલણ અને રંગ બદલતી રહે છે જે કૉંગ્રેસે ૨૦૧૯માં પોતાના ચૂંટણી ઢંઢેરામાં કહેલું કે કૉંગ્રેસ સત્તામાં આવશે તો APMC એકટ નાબૂદ કરશે. અને તમામ બંધનો હટાવી લેશે. આજે જ્યારે મોદી સરકારે ખેડૂતોના હિતમાં આ પગલું લીધું ત્યારે એ જ કૉંગ્રેસ ખેડૂતોના નામે મોદી સરકાર વિરૂદ્ધ આંદોલન કરવા નીકળી પડી છે, એ જ બતાવે છે કે તેમના હૈયે ખેડૂતોનું હિત નહિ પોતાનો રાજકીય એજન્ડા જ રહેલો છે. મુખ્યમંત્રીશ્રી એ કહ્યું કે, કૉંગ્રેસ પહેલાં પ્રજાને જવાબ આપે કે ભૂતકાળમાં તમે જ આ સુધારાઓ, APMC એકટ નાબૂદીની વાત કરી હતી. હવે આ તો મોદી સરકાર જશ લઈ જશે તેવો ભય લાગતાં કેમ ફેરવી તોળો છો તેમણે ગાંધીનગરમાં પ્રચાર માધ્યમો સાથેની વાતચીતમાં જણાવ્યું કે, જ્યારે ખેડૂત નેતાઓએ પણ સ્પષ્ટતા કરી છે કે અમારા આંદોલનમાં કોઈ રાજકીય પાર્ટીને જોડીશું નહિ, ત્યારે કૉંગ્રેસ સહિતના વિપક્ષો સામે ચાલીને આ બંધના સમર્થનમાં વણ નોતર્યા કૂદી પડયા છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈએ ખેડૂતોના નામે મગરના આંસુ

### શરદ પવાર-યોગેન્દ્ર યાદવ-અખિલેશ યાદવ જેવા નેતાઓ મૂખડા દેખો દર્પણ મેં-બેવડા ધોરણો છોડો

સારનારા કૉંગ્રેસીઓ અને વિપક્ષોને જવાબ આપતાં કહ્યું કે, કૉંગ્રેસનું તો અસ્તિત્વ જ ખતમ થઈ ગયું છે. લોકસભા-વિધાનસભા ચૂનાવથી માંડીને સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીમાં કૉંગ્રેસ નામશેષ થઈ ગઈ છે. પ્રજા હવે કૉંગ્રેસ સાથે નથી અને કૉંગ્રેસની રાજકીય દાવાપેચની નીતિઓને બરોબર ઓળખી જઈ જાકારો આપી દીધો છે એમ પણ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ હતું. મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ કે, કૉંગ્રેસના તત્કાલિન પ્રમુખ રાહુલ ગાંધીએ તો ૨૦૧૩માં કૉંગ્રેસ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીશ્રીઓ સાથે બેઠક કરીને APMCને બદલે ECA લાવવાની અને ફળફળાદિ તથા શાકભાજીને ડીલીસ્ટ કરવાની વાત કરી હતી. શ્રી વિજયભાઈ રૂપાણીએ એમ પણ ઉમેર્યુ કે, રાષ્ટ્રવાદી કૉંગ્રેસના નેતા શરદ પવારે પણ તેઓ જ્યારે

### રાજ્યમાં બળજબરી-ધાકધમકીથી બંધ કરાવનારા તત્વો સામે કડકાઈથી કામ લેવાશે



કૃષિમંત્રી હતા ત્યારે બધા રાજ્યોના મુખ્યમંત્રીઓને પત્ર પાઠવીને મંડી એકટ હટાવવાની વાત કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ કૉંગ્રેસ અને વિપક્ષોના દાંત દેખાવડવાના અને ચાવવાના જુદા જુદા છે તેવા બેવડા વલણની આલોચના કરતાં સ્પષ્ટપણે કહ્યું કે મનમોહનસિંહજીની સરકારમાં સામેલ NCP સહિતના બધા પક્ષો APMC એકટ હટાવવાનું સમર્થન કરતા હતા ને હવે મોદી સરકારનો વિરોધ કરવાનું રાજકીય તરકટ કિસાનોના નામે ચલાવે છે. તેમણે ઉમેર્યુ કે, જે યોગેન્દ્ર યાદવ આજે કિસાનોના નામે આંદોલનને ટેકો આપવા નીકળ્યા છે તે જ યોગેન્દ્ર યાદવ ૨૦૧૭માં તેમણે કરેલી ટવીટ જોઈ લે. યોગેન્દ્ર યાદવે એ ટવીટમાં પ્રધાનમંત્રી શ્રી નરેનદ્રભાઈ મોદીને APMC એકટ સહિત ખેડૂત કાનૂન સુધારા માટે કહેલું એ જ યાદવ આજે માત્ર પોતાનું રાજકીય હિત સાધવાના ઉદેશ્યથી વિરોધ કરે છે. આ બધા જ પક્ષો પોતાનું રાજકીય અસ્તિત્વ ટકી રહે, યેનકેન પ્રકારે લોક નજરમાં રહી શકાય તેવા ઉદેશ્યથી ખેડૂતોના નામે આંદોલનમાં સામેલ થઈ કિસાનોને ભ્રમિત કરે છે એમ મુખ્યમંત્રીશ્રીએ સાફ શબ્દોમાં જણાવ્યું હતું. શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે, સમાજવાદી પાર્ટીના અખિલેશ યાદવ જે આ શંભુમેળામાં જોડાઈને ખેડૂતોના નામે રાજનીતિ કરવા નીકળ્યા છે તેમના પિતા મુલાયમસિંહ યાદવે પણ UPAના સમયમાં APMC એકટ હટાવવાનું સમર્થન કરેલું હતું. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે ખેડૂત હિતકારી અનેક નિર્ણયો કર્યા છે. લઘુત્તમ ટેકાના ભાવો MSPનો વ્યાપ વધાર્યો છે. MSP પર વિશેષ ઝોક આપીને ખેડૂતની પડખે ઊભી રહી છે. આ નવા સુધારા કાયદાથી મોદી સરકાર ખેડૂતોને પોતાની પેદાશ દેશમાં ગમે ત્યાં વેચવાની છૂટ આપી રહી છે અને ખેડૂતને

### મોદી સરકારે ખેડૂતોના હિતના નક્કર સૂઝાવો-સૂચનો માટે ખૂલ્લું મન રાખ્યું છે ત્યારે આંદોલનને રાજકીય રંગ આપી ખેડૂતોને ગૂમરાહ કરવાનું બંધ કરો

આર્થિક સક્ષમ બનાવવાની દિશા આપી રહી છે ત્યારે ખેડૂતોને ગૂમરાહ કરવા નીકળેલા વિપક્ષોની કોઈ ચાલ સફળ નહિં થાય એમ પણ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ હતું. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, સરકારે આ સુધારાઓ અંગેના નક્કર સૂઝાવો, યોગ્ય સૂચનો માટે ખૂલ્લું મન રાખીને તે આવકાર્ય છે એમ જણાવેલું છે. ખેડૂતોના હિતમાં સરકારે જ્યારે સૂચનો-મંતવ્યો આવકાર્યા હોય ત્યારે વિપક્ષો ખોટી

### ગુજરાતમાં ખેડૂત વર્ગોનો બંધને કોઈ ટેકો કે સમર્થન નથી

માંગથી આંદોલનનો રાજકીય રંગ આપવાની પેરવી કરે છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં આ ખેડૂત આંદોલનને કોઈ ખેડૂતોનો ટેકો મળ્યો નથી તેમ સ્પષ્ટ જણાવતાં ઉમેર્યુ કે, ગુજરાતમાં પાછલા ૩ વર્ષમાં સરકારે ૧૫ હજાર કરોડથી વધુની ખેતપેદાશો ટેકાના ભાવે ખરીદીને જગતના તાતને આર્થિક સક્ષમ બનાવ્યો છે. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતમાં આવતીકાલે આંદોલન કે બંધના નામે બળજબરીથી બંધ કરાવનારા અને કાયદો વ્યવસ્થાની સ્થિતી ડહોળવા માંગતા તત્વો સામે કડક પગલાંથી કામ લેવાશે એમ સાફ શબ્દોમાં જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, રાજ્યમાં બંધને સફળતા મળશે નહિ અને જે APMC પોલીસ બંદોબસ્તની માંગ કરશે તેને પૂરતો બંદોબસ્ત પણ સરકાર આપશે. મુખ્યમંત્રીશ્રીએ એમ પણ જણાવ્યું કે, ભારતીય જનતા પાર્ટીની સરકારે પ્રજા સમક્ષ આ આંદોલન સંદર્ભે સાચી વાત મૂકી છે.


# દાહોદ અમદાવાદ હાઈવે પર ગાડી નો ટાયર ફાટતા અકસ્માત સર્જાયો.મુસાફરોનો આબાદ બચાવ

કમલમ દૈનિક,

દાહોદના રાબડાંલ દાહોદ અમદાવાદ હાઈવે સતી તોરલ હોટલ સામે અકસ્માત સર્જાયો જેમાં ઉજ્જૈન મહાકાલે સર મંદિરે દર્શન કરી પોતાના વતન ભરૂચ જતા તે સમયે રાબડાલ ગામે દાહોદ અમદાવાદ હાયવે પર મારુતિ આર્ટિકા ગાડીનું ટાયર ફાટતા વાહન ચાલકે સ્ટેરિંગ પર થી કાબુ ગુમાવતા મારુતિ આર્ટિકા જેનુ નંબર GJ.16.CN.7589 નંબર ગાડી રોડ ની સાઈટમાં ઉતરી જઈ પલ્ટી ખાઈ હતી.અકસ્માત થતા લોક તોડા ઉમટી પડ્યા ને ગાડીમાં બેસેલા મુસાફરોને ગાડીના કાચ તોડી બહાર કાઢવામાં આવ્યા હતા જેમાં ગાડીમાં બેસેલ ૩ બાળકો ૨ મહિલા.અને એક કાર ચાલક નો આબાદ બચાવ થયો હતો જેથી લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.દાહોદ ગ્રામ્ય પોલીસ ને ઘટનાની જાણ થતા તાબડતોબ ઘટના સ્થળે પોહચીને વધુ તપાસ હાથ ધરી.




કમલમ દૈનિક,

૭ ગુજરાત નેવલ યુનિટ એન.સી.સી.વેરાવળના કેડેટ્સ દ્વારા સિવિલ હોસ્પિટલ નજક આવેલ સ્વામી વિવેકાનંદની પ્રતિમાની સફાઈ કરવામાં આવી હતી. સ્વામી વિવેકાનંદની પ્રતિમાને સ્વચ્છ કરી લોક જાગૃતિનો સંદેશ આપ્યો હતો.

# જામનગરની જી.જી. હોસ્પિટલના ૧૫ થી વધુ તબીબોએ કોરોનાને હરાવી- પુન: કોરોનાના દર્દી નારાયણોની સેવામાં જોડાયા




## લેહ -લદાખમાં પણ જેમને ઠંડી લાગતી ન હતી તેવા ગરમ તાસીર ધરાવતાં તબીબે દસ દિવસ સુધી અમદાવાદમાં ભરઉનાળામાં પીપીઈ કીટ પહેરીને દરરોજ ૫૦૦ જેટલા દર્દીઓને તપાસતા, તો પ્લાઝ્મા ડોનર બનીને સામાજિક ધર્મ પણ નિભાવ્યો

### અમદાવાદથી ફરજ બજાવીને પરત ફરેલા જામનગરના બે તબીબો કોરોનાગ્રસ્ત બનેલા

કમલમ દૈનિક, જામનગર

વિશ્વ વ્યાપી કોરોનાની મહામારીમાં કોરોનાગ્રસ્ત દર્દી નારાયણોની સારવાર કરતાં તબીબો પણ તમામ સાવધાની છતાં કોરોનાની ઝપટમાં આવી જતાં હોય છે. જામનગરની પ્રસિધ્ધ ગુરુ ગોવિંદસિંહજી સરકારી હોસ્પિટલમાં પણ પંદર કરતાં પણ વધુ તબીબો કોરોનાના વાયરસથી સંક્રમિત થયા હતા. કોરોના વાયરસથી સંક્રમિત થનારા તબીબોમાં હોસ્પિટલના તબીબી અધિક્ષક ડો. દિપક તિવારી, એડિશનલ ડેપ્યુટી સુપ્રિટેન્ટેન્ડટ ડો.અજય તન્ના, ડીન ડો. નંદીની દેસાઈ, ફેકલ્ટી મેમ્બર્સ ડો.હેમાંગ આચાર્ય, ડો.હર્ષ ત્રિવેદી, ડો.રાહુલ મહેતા, ડો.એન.આર. રાઠોડ, રેસિડન્ટ ડોકટરમાં ડો.વિજય વહાણિયા, ડો. કિંજલ નાદિયા, ડો.તેજસ રાબડિયા, ડો.રાજુ ગોળીફાળ, ડો. પૂજા ઉપાસના, સર્જિકલમાં ડો. નીતા રાડા, આર.એમ.ઓ. ડો. પંચાસરા, વગેરેનો સમાવેશ થાય છે. તબીબી અધિક્ષક ડો. દિપક તિવારી કહે છે કે અમે દર્દીઓ અને તેમના સગાઓ સાથે કામ કરતાં હોવાથી કોરોનાથી સંક્રમિત થયા હતા. મને તાવ-દુ:ખાવાના લક્ષણો હતા. અમારા સાથીઓ ડો. ચેટરજી, ડો. મનિષ મહેતા, ડો. ગોસ્વામી, ડો. અગ્રાવત વગેરેની તપાસ-સારવારથી મને સારું થઈ ગયું. નિયમિત દવાઓ – ઈંજેકશન અપાતા. ૧૫ દિવસ સુધી ઘરથી દૂર રહેવુ અને બિમારીને સહન કરવી મુશ્કેલ હોય છે પરંતુ અમારા સ્ટાફના મનોસામાજિક લાગણી-ટેકાથી હું આ બિમારીમાંથી બહાર આવી શકયો છું. એડિશનલ ડેપ્યુટી સુપ્રિટેન્ટેન્ડટ ડો.અજય તન્ના અમદાવાદની હોસ્પિટલ (બી.જે.મેડિકલ કોલેજ)માં ૧૦ દિવસ ફરજ બજાવવા ગયા હતા. ત્યાં દરરોજ તેઓ ત્રણ ફલોરના ૫૦૦ જેટલા દર્દીઓને તપાસતા હતા. જોકે તેઓ પીપીઈ કીટ પહેરીને –તમામ સાવચેતી સાથે જ ફરજ બજાવતા હતા. ફરજ પૂરી કરી જામનગર પરત ફરતા તેઓનું સ્ક્રીનીંગ કરાવતાં તેઓ કોરોના પોઝીટીવ આવ્યા હતા. તેઓને ૭૦ વર્ષના વૃધ્ધ માતા હોવાથી તેઓએ ઘરે જ હોમ આઈસોલેશનમાં રહેવાનું ટાળ્યું હતું. જામનગરથી ૧૫ કિમી. દૂર લાખાબાવળ પાસેના લીલાવતી નેચરોપેથી સેન્ટરના કોવિડ કેર સેન્ટરમાં ૧૫ દિવસ સિફટ થયા હતા અને ત્યાની સારવારમાંથી સાજા થઈ ફરી દર્દીઓની સેવામાં લાગી ગયા હતા. ડો.તન્નાએ બે વાર પ્લાઝમા ડોનેટ કરીને સમાજ પ્રત્યેનો માનવ ધર્મ પણ બજાવ્યો હતો. ડો. તન્ના ગરમીના સમયમાં પીપીઈ કીટ પહેરવામાં પડતી મુશ્કેલીઓ વિશે કહે છે કે, મારા શરીરની તાસીર ગરમ છે. લેહ –લદાખ જતો ત્યારે પણ હું કયારેય સ્વેટર પહેરતો ન હતો. એટલે સતત ૧૦ દિવસ સુધી પીપીટી કીટ પહેરીને બેસવુ મારા માટે અતિ મુશ્કેલ હતું. ગરમી થવી-પરસેવો વળવો અને દરરોજ ૫૦૦ દર્દીઓને તપાસતા રહેવું. આવી પરિસ્થિતી છતાં પણ મેં પીપીઈ કીટ પહેરી હતી. તમામ સાવચેતી રાખી હતી. પરંતુ અમે મારા રહેઠાણથી હોસ્પિટલ અને હોસ્પિટલથી મારા રહેઠાણ સુધી જવામાં થોડી કાળજી રાખવામાં કદાચ ચૂક થઈ હશે. એટલે કોરોનાનું સંક્રમણ થયા હોવાનું મારું માનવું છે. જેથી દરેક વ્યકિત ઘરેથી નિકળે ત્યારથી જ તેણે કોરોનાથી બચવાના કવચ સમા માસ્ક, હાથ મોજા પહેરીને નીકળવું જોઈએ. ડો.તન્ના કહે છે કે હુ દર્દીઓની સારવાર કરતો હોઉ છુ અને હું પણ દર્દી બન્યો હતો એટલે દર્દીઓની સંવેદના-પીડા શું હોઈ શકે એનો ચિતાર ચિતારાની જેમ મારા મનમાં હોય છે. જી.જી.હોસ્પિટલના અન્ય એક તબીબ ડો. મીતા પટેલ પણ અમદાવાદમાં ડેપ્યુટેશન ઉપર ફરજ બજાવીને પરત ફરતાં તેઓ પણ કોરોનાથી સંક્રમિત થયા હતા. કોરોનાને હરાવીને તેઓ પણ પુન: ફરજ પર જોડાઈ ગયા છે.

# ફળ,ફુલ અને શાકભાજીના લારીવાળા ફેરીયાઓ જોગ



કમલમ દૈનિક, ગાંધીનગર

ફળ, ફુલ, શાકભાજી તથા નાશવંત કૃષિ પેદાશોનો બગાડ અટકાવવા નાના વેચાણકારોને વિના મુલ્યે છત્રી/શેડ કવર પુરા પાડવા સરકાર દ્વારા યોજના અમલી બનાવવામાં આવી છે. આ યોજનાનો લાભ લેવા માંગતા લાભાર્થીઓ તા ૧૫/૧૨/૨૦૨૦ સુધીમાં i-khedut પોર્ટલ પર અરજી કરી શકશે. અરજી કર્યા બાદ તેની પ્રિન્ટ કાઢી સહી/અંગુઠો કરી પોતાના (૧) આધારકાર્ડ, (૨) રેશનકાર્ડ તથા (૩) ગ્રામ્ય વિસ્તારના ફેરીયાઓ માટે ગ્રામ સેવકનો દાખલો / શહેરી વિસ્તારના ફેરીયાઓ માટે ગુજરાત અર્બન લાઈવલીહુડ મિશન દ્વારા અપાયેલ ઓળખ કાર્ડ જેવા સાધનિક કાગળો સાથે આ અરજી નિયત સમય મર્યાદામાં નાયબ બાગાયત નિયામકની કચેરી, પાંચમો માળ, સહયોગ સંકુલ ,સેકટર-૧૧,ગાંધીનગર ખાતે મોકલવાની રહેશે. વધુ જાણકારી માટે નાયબ બાગાયત નિયામકની કચેરી,સી બ્લોક,પાંચમો માળ, સહયોગ સંકુલ, સેકટર-૧૧,ગાંધીનગર નો સંપર્ક કરવા નાયબ બાગાયત નિયામકશ્રીએ જણાવ્યું છે.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-PAVANPUTRA OFFSET G.I.D.C.,SECTOR-28GANDHINAGAR, GUJARAT- 382028 •Published at A-3, Plot no R-13, Tanishq complex, New greencity, Sector -26, Gandhinagar (gujarat) 382028